વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની યોજનાઓના અમલીકરણને સુદૃઢ બનાવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પરિપત્ર ક્રમાંક: **SJED/ASO/e-file/17/2022/0015/G**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૮/૦૭/૨૦૨૩

પ્રસ્તાવના :

આ વિભાગ હેઠળના ખાતાના વડાઓ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિઓ એમ જુદા જુદા વર્ગોના લોકોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે.

તાજેતરમાં સુરેન્દ્રનગર જિલ્લા ખાતે બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ અમલીત સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચીંગ સહાયની યોજના અંતર્ગત બનાવટી તાલીમ વર્ગો થકી મોટા પાયે ગેરરીતિઓ ચાલતી હોવાના અહેવાલ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ છે. વિભાગ હસ્તકની સમાન પ્રકારની અન્ય યોજનાઓમાં પણ આવી ગેરરીતિઓ/અનિયમિતતાઓ થતી નિવારી શકાય તે માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની (૧) વિદેશ અભ્યાસ લોન યોજના (૨) ખાનગી ટ્યુશન સહાય યોજના (3) સ્પર્ધાત્મક /ભરતી પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે કોચીંગ સહાય આપવાની યોજના તથા આવી સમાન પ્રકારની અન્ય તમામ કોચીંગ સહાય યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને આપવામાં આવતી લોન/સહાયનો લાભ લાયકાત ધરાવતા જરૂરિયાતમંદ લાભાર્થીઓને જ મળે અને બનાવટી સંસ્થાઓ ગેરરીતિઓ આચરી સરકારી નાણાંનો દુરૂપયોગ ન કરે તે સુનિશ્ચિત કરવા માટે ઉક્ત યોજનાઓના અમલીકરણને વધુ સુદૃઢ બનાવવા અંગે નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

પરિપત્ર:

(૧) ઉક્ત યોજનાઓ અંતર્ગત જે યોજનાઓમાં બિનસરકારી સંસ્થાઓ સંકળાયેલ હોય તેમાં ૧૦૦% સંસ્થાઓનું વેરીફીકેશન કર્યા બાદ જ સહાય ચૂકવવાની રહેશે.

(૨) સંબંધિત ખાતાના વડા અને સંયુક્ત નિયામક એ સપ્તાહમાં એક વાર ક્ષેત્રીય કચેરીઓની આકસ્મિક મુલાકાત લઇ યોજનાઓના અમલીકરણનું નિરીક્ષણ કરવાનું રહેશે અને આ અંગેનો વિગતવાર હકીકતલક્ષી અહેવાલ વિભાગને રજૂ કરવાનો રહેશે.

(૩) ખાતાના વડાની તથા અન્ય ક્ષેત્રીય કચેરીઓ દ્વારા સમગ્ર માસ દરમિયાન કરવામાં આવેલ નિરીક્ષણો તથા આકસ્મિક મુલાકાતોના અહેવાલ સંબંધિત નાયબ સચિવને રજૂ કરવાના રહેશે અને આવા અહેવાલો અન્વયે ધ્યાને આવેલ નોંધપાત્ર બાબતો અને તેના નિવારણ માટે લેવામાં આવેલ પગલાંઓ ઘટનાના તુરત પછીના માસમાં વિભાગના વડાને ધ્યાને મૂકવાના રહેશે.

(૪) ખાતાના વડા દ્વારા સંબંધિત પ્રભાગ હસ્તકના નિગમોની કામગીરીનું એકંદર નિરીક્ષણ કરવાનું રહેશે અને નિગમ દ્વારા પણ તેઓની તમામ વહીવટી કામગીરી માટે સચિવાલયના વિભાગ સાથે કે ભારત સરકાર સાથે સીધો પત્રવ્યવહાર ન કરતાં, સંબંધિત ખાતાના વડાની કચેરી મારફતે જ પત્રવ્યવહાર કરવાનો રહેશે.

(૫) વિભાગ હસ્તકના ઉપરોક્ત બંને પ્રભાગોના નિયંત્રણ હેઠળ તમામ અધિકારી/કર્મચારીઓએ તેઓના તુરતના ઉપરી અધિકારીની અનુમતિ વિના કચેરી છોડવાની રહેશે નહી. જો યાદચ્છિક નિરીક્ષણ દરમિયાન આવા કોઇપણ બનાવ સરકારશ્રીના ધ્યાને આવશે તો જવાબદાર અધિકારી/ કર્મચારી સામે નિયમાનુસારના શિસ્તવિષયક પગલાં ભરવામાં આવશે.

(૬) ઉપરોક્ત બંને ખાતાના વડાઓએ તેઓના ખાતા દ્વારા અમલીકૃત તમામ વ્યક્તિલક્ષી યોજનાઓના step by step અમલીકરણનું સમયાંતરે ઝીણવટપૂર્વકનું નીરિક્ષણ કરી, સમીક્ષા હાથ ધરવાની રહેશે. અને જો કોઇપણ તબક્કે ગેરરીતિ થવાનો અવકાશ જણાય તો તે માટે તાત્કાલિક નિવારાત્મક પગલાં ભરી, તે સરકારશ્રીના ધ્યાને મૂકવાનું રહેશે અને જરૂર જણાયે આવશ્યક સુધારાઓ માટે વિભાગને દરખાસ્ત રજૂ કરી દેવાની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તમામ સંબંધિત ખાતાના વડાની કચેરીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

( જીગર પટેલ )
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(અ.જા.ક./ વિ.જા.ક), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ૪/3, ડૉ.જીવરાજ મહેતા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં વિકાસ નિગમ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મનેજિંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ , ગાંધીનગર.
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી વિમુકતિ જાતિ વિકાસ નિગમ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ
- સીલેક્ટ ફાઇલ-૨૦૨૩